# ચૌદમી ગુજરાત વિધાનસભા

## કામકાજ સલાહકાર સમિતિ

## છઠ્ઠો અહેવાલ

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો છઠ્ઠો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક શનિવાર, તા.૭મી ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ સવારના ૧૧-૦૦ વાગ્યે માનનીય અધ્યક્ષશ્રીના સમિતિખંડમાં મળી હતી. સમિતિએ નીચે મુજબની ભલામણો કરી છે.

**૧.** સોમવાર, તા.૯/૧૨/૨૦૧૯ના રોજ પ્રથમ બેઠકમાં બે સરકારી વિધેયકો ક્રમાનુસાર ચર્ચા માટે હાથ ધરવા.

(૧) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૩૪-ગુજરાત સૂક્ષ્મ (Micro), લઘુ તથા મધ્યમ ઉદ્યોગસાહસોના (સ્થાપન અને કામગીરી સરળ બનાવવા બાબત) વિધેયક, ૨૦૧૯.

(૨) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૩૫-સન ૨૦૧૯નું ગુજરાત વિદ્યુત શુલ્ક (દ્વિતિય સુધારા) વિધેયક.

**૨.** સોમવાર, તા.૯/૧૨/૨૦૧૯ના રોજની **બીજી બેઠક**માં ‘‘સંવિધાન દિવસની ઉજવણી અંગેનો પ્રસ્તાવ’’ વિચારણા માટે હાથ ધરવો અને તેની ચર્ચા માટે ૭૫ મિનિટનો સમય ફાળવવો. આ પ્રસ્તાવની વિચારણા બાદ પ્રથમ બેઠકમાં બાકી રહેલ સરકારી વિધેયકો વિચારણા માટે હાથ ધરીને વિચારણા પૂરી કરવી.

**૩.** મંગળવાર, તા.૧૦/૧૨/૨૦૧૯ના રોજ નીચે દર્શાવેલ ક્રમમાં સરકારી વિધેયકો ચર્ચા માટે હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૩૧-સન ૨૦૧૯નું ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક.

(૨) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૩૦-સન ૨૦૧૯નું ગુજરાત રાજ્ય ઉચ્ચ શિક્ષણ પરિષદ (સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૩૬-સન ૨૦૧૯નું ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયક

(૨)...

(૪) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૩૩–સન ૨૦૧૯નું ગુજરાત સહકારી મંડળી (દ્વિતિય સુધારા) વિધેયક.

(૫) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૩૨–સન ૨૦૧૯નું ગુજરાત જમીન મહેસૂલ (તૃતીય સુધારા) વિધેયક.

**૪.** બુધવાર, તા.૧૧/૧૨/૨૦૧૯ના રોજ ''પૂજ્ય મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી અંગેનો પ્રસ્તાવ'' વિચારણા માટે હાથ ધરવો અને તેની ચર્ચા માટે ૧૨૦ મિનિટનો સમય ફાળવવો, ત્યારબાદ **સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૩૭–સન ૨૦૧૯નું સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર, વિકાસ અને પ્રવાસન નિયમન વિધેયક** ચર્ચા માટે હાથ ધરવું અને તેની વિચારણા પૂરી કરવી. ત્યારબાદ છેલ્લા દિવસનો પ્રસ્તાવ હાથ ધરવો.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તારીખઃ ૭મી ડિસેમ્બર, ૨૦૧૯**

**રાજેન્દ્ર ત્રિવેદી**
**પ્રમુખ,**
**કામકાજ સલાહકાર સમિતિ**